# સેરિબ્રા ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજી

## ઈ-વેસ્ટ, LPO અને પ્લાસ્ટીકમાંથી ફ્યૂઅલના દમ પર હરણફાળ ભરી રહેલી કંપની

**★ સેરિબ્રા ભારતનો સૌથી મોટો ઈ-વેસ્ટ પ્લાન્ટ બેંગલોર નજીક સ્થાપી રહી છે અને આ બિઝનેસમાં તે અગ્રેસર બની રહેશે. કંપની માટે આ બિઝનેસ ટર્નિંગ પોઈન્ટ બની રહેશે**

**★ સેરિબ્રા એક શિફ્ટમાં ૩૦,૦૦૦ ટનની ક્ષમતાનો ઈ-વેસ્ટ પ્લાન્ટ સ્થાપી રહી છે, જે બેંગલોર નજીક ૧૨ એકરની જમીન પર આકાર લઈ રહ્યો છે. કર્ણાટકમાં તાજેતરમાં યોજાયેલા વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર સમિટ દરમિયાન કંપનીએ સિંગાપોર સ્થિત વિશ્વની સૌથી મોટી ઈ-વેસ્ટ પ્રોસેસર સિમેલિયા સાથે જોડાણ કરીને રાજ્ય સરકાર સાથે MOU કર્યા છે**

**★ કંપની આગામી દિવસોમાં સિમેલિયામાં શેરહોલ્ડિંગનો ૫૧ ટકાથી વધુ હિસ્સો ખરીદી લેવાની છે. જે હાલના બજારભાવ કરતાં ઉંચો હશે.**

સેરિબ્રા ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજીઝ એ સંપૂર્ણ આઈટી સોલ્યુશન્સ પ્રોવાઈડ કરતી કંપની છે, જે તેની મજબૂત આઉટસોર્સિંગ ટીમ મારફતે એલપીઓ, બીપીઓ, કેપીઓ સર્વિસીઝ પૂરી પાડે છે. કંપનીએ ૧૯૯૨માં હાર્ડવેર સેક્ટરથી બિઝનેસની શરૂઆત કરી હતી અને ત્યારપછીથી સોફ્ટવેર સર્વિસીઝ સેક્ટર, આઈટી ટ્રેનિંગ અને કન્સલ્ટિંગનો બિઝનેસ શરૂ કર્યો. એક પ્યોર આઈટી કંપની તરીકે સેરિબ્રાએ તેનો બિઝનેસ આગળ ધપાવીને હવે લિગલ પ્રોસેસ આઉટસોર્સિંગ(એલપીઓ) ક્ષેત્રે ઝડપથી આગળ વધવાનો નિર્ધાર કર્યો છે. આ ઉપરાંત ડાયવર્સિફિકેશનના ભાગરૂપે કંપનીએ આઈટી સંબંધિત ઈ-વેસ્ટના બિઝનેસમાં પણ મોટાપાયે ઝંપલાવ્યું છે અને પ્લાસ્ટિકમાંથી ફ્યૂઅલની ટેક્નોલોજી દ્વારા પણ તે છવાઈ જવા માટે આતુર છે. સેરિબ્રા તેના ક્લાયન્ટ્સને હાલમાં તેની વિવિધ બ્રાન્ચ ઓફિસ અને ૧૦૦ ચેનલ પાર્ટનર મારફથે સર્વિસ પ્રોવાઈડ કરે છે. તેનું સિસ્ટમ ઈન્ટિગ્રેશન ડિવિઝન(એસઆઈડી) બેંગલોર નજીક પીન્યા ઈન્ડસ્ટ્રીયલ બેલ્ટ ખાતે આવેલું છે.

**સેરિબ્રા આગામી સમયમાં ઈ-વેસ્ટ બિઝનેસને કારણે ઝડપી વૃદ્ધિ કરશે અને રૂ. ૫૦૦ કરોડના ટર્નઓવરનો લક્ષ્યાંક ૨૫ ટકા માર્જિન સાથે ધરાવે છે તે જોતા તેની ઈપીએસ ૨૦૧૩માં ૨૫ની થઈ જશે. હાલમાં રૂ. ૩૭ આસપાસના ભાવે તેમાં બે વર્ષ માટે રોકાણ કરશો તો રૂ. ૩૦૦નો ભાવ પણ જોવા મળે તો નવાઈ નહીં**

***<u>સેરિબ્રા મુખ્યત્વે નીચે મુજબની સર્વિસ તેના ક્લાયન્ટસને પૂરી પાડે છે :</u>***

૧. ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ સર્વિસીઝ : સેરિબ્રા ઈએમએસ આધુનિક એસએમટી લાઈન ધરાવે છે, જેના મારફતે તે ઈલેક્ટ્રોનિક એસેમ્બલીઝનું ઉત્પાદન કરીને ક્લાયન્ટસને પ્રોવાઈડ કરે છે

Electronic Manufacturing Services



*<u>૨. સિસ્ટમ ઈન્ટિગ્રેશન :</u>* આ ડિવિઝન અંતર્ગત તે સર્વર, ડેસ્કટોપ, નોટબૂક, વર્કસ્ટેશન, કિયોસ્ક અને વર્લ્ડક્વલાસ સર્વરનું ઉત્પાદન કરે છે, જેમાં રેક માઉન્ટેબલ સર્વર અને હાઈ-એન્ડ એઈટ વે ઈન્ટેલ બેઝ્ડ સર્વરનો પણ સમાવેશ છે.

*<u>૩. લીગલ પ્રોસેસ આઉટસોર્સિંગ (એલપીઓ) :</u>* ક્લાયન્ટસને લીગલ સપોર્ટ સર્વિસ પૂરી પાડવા માટે કંપનીએ ૧૦૦ ટકા સબસિડરી સ્થાપી છે. વકીલો, ઉપરાંત પેરા લીગલ અને એન્જિનિયર વર્ક સહિતની લીગલ સર્વિસ વિશ્વના કોઈપણ ખૂણામાં પહોંચાડવાનું કામ આ યુનિટ કરે છે. આ ખૂબ જ નફાકારક બિઝનેસ છે. તે યુરોપ અને અમેરિકા સ્થિત તેના ક્લાયન્ટસને લીગલ પ્રોફેશનલ સર્વિસ પૂરી પાડે છે. આ માટે કંપનીને બેંગલોર એરપોર્ટ નજીક બે એકરની જમીન ફાળવવામાં આવી છે. એલપીઓ યુનિટ બ્રિટનની એક ખૂબ જ જૂની અને અનુભવી લીગલ કંપનીને ટેકઓવર કરવાની યોજના ઘડી રહી છે જેનું ટર્નઓવર રૂ. ૨૦૦ કરોડનું છે.

*<u>૪. મેડિકલ ટ્રાન્સક્રિપ્શન સર્વિસીઝ :</u>* આ યુનિટ અંતર્ગત તે ફિઝિશિયન પ્રેક્ટીશનર્સ અને હેલ્થકેર ઓર્ગેનાઈઝેશન્સને આઈટી સોલ્યુશન્સ પ્રોવાઈડ કરે છે. તેની પ્રોડક્ટ્સ અને સર્વિસીઝ પરવડે તેવી, ઈન્ટરઓપરેટેબલ, વ્યવહારૂ અને સલામત છે. તે બ્રિટન અને અમેરિકાના ડોક્ટર્સને પણ એમટી સર્વસીઝી પૂરી પાડે છે.

*<u>૫. ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ :</u>* સેરિબ્રા આ યુનિટ અંતર્ગત ઈન્ફ્રાસ્ટર્ક્ચર મેનેજેન્ટ સર્વિસીઝ પૂરી પાડે છે અને કોઈપણ કંપનીને આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવામાં ઉપયોગી થાય છે.

CEREBRA
Total I.T. Solutions
An ISO 9001:2008 Company

તાજેતરના વર્ષોમાં કંપની તગડું માર્જિન ધરાવતા લીગલ પ્રોસેસ આઉટસોર્સિંગ(એલપીઓ)ના બિઝનેસમાં ઝડપથી આગળ વધવા માંડી છે. કંપનીએ બ્રિટન અને અમેરિકામાં અનેક લીગલ કન્સલ્ટન્સી કંપનીઓ પાસેથી આ અંગે ઓર્ડર મેળવ્યા છે. આ કંપનીઓને તે નાદારી, ફોરક્લોઝર, બિઝનેસ લિટિગેશન, ફેમિલી લો, પર્સનલ નુકસાન, વસિયત અને ટ્રસ્ટ સંબંધિત તમામ સર્વિસ પ્રોવાઈડ કરે છે. તેના ડોક્યુમેન્ટેશન સહિતની કામગીરી માટે કંપનીને એક કલાકના ૯૦-૧૨૦ ડોલર જેવી તગડી રકમ મળે છે. હાલમાં તેના એલપીઓની ક્ષમતા ૫૦૦ સીટની છે. મતલબ કે ૫૦૦ કર્મચારી કામ કરી રહ્યા છે.

અન્ય મહત્વના ઘટનાક્રમમાં સેરિબ્રા બેંગલોર નજીક દેશનો સૌથી મોટો ઈ-વેસ્ટ પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. કંપની ઈ-વેસ્ટના બિઝનેસમાં દેશમાં છવાઈ જવા આતુર અને તત્પર બની ગઈ છે. ઈ-વેસ્ટ બિઝનેસમાં જબરદસ્ત તક રહેલી છે એટલું જ નહીં, પર્યાવરણને થતા નુકસાનથી બચાવવાનો એક આદર્શ બિઝનેસ પણ છે, જેને કારણે સમાજને ઉપયોગી પણ થઈ શકાય છે. વિશ્વમાં આજે પર્યાવરણની સમસ્યા ખૂબ જ વધી ગઈ છે જેના ઉકેલરૂપે પણ આ બિઝનેસ આદર્શ કહી શકાય તેવો છે.

અનેક દાયકાઓથી ઈ-વેસ્ટ બિઝનેસ બિનસંગઠિત ક્ષેત્ર હેઠળ જ જોવા મળે છે કારણ કે તે અઁગે કોઈ નક્કર કાયદા નથી. વાસ્તવમાં આ સમસ્યા મોટી થઈ રહી છે જેને કારણે હવે સરકાર જાગી છે. હવે ઈ-વેસ્ટ ઈન્ડસ્ટ્રી ઓર્ગેનાઈઝ્ડ સેક્ટર તરીકે ઓળખાશે અને આ અંગે સરકારે કાયદામાં ફેરફાર કર્યો છે. આ અઁગેનું ગેઝેટ ટૂંક સમયમાં જ જાહેર થશે.

સેરિબ્રાનો આ દેશનો સૌથી મોટો ઈ-વેસ્ટ પ્લાન્ટ એક શિફ્ટના ૩૦,૦૦૦ ટનની ક્ષમતાનો હશે. આમ ત્રણ શિફ્ટની કામગીરીમાં ૯૦,૦૦૦ ટન ઈ-વેસ્ટનો નિકાલ તે કરી શકશે. કર્ણાટકના બેંગલોર નજીક ૧૨ એકરની જમીન પર આ પ્લાન્ટ આકાર લેશે, જે અંગે તાજેરમાં જ સપ્ટેમ્બરમાં ગુજરાત સરકારની જેમ જ કર્ણાટક સરકારે યોજેલા વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર સમિટ દરમિયાન કંપનીએ સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કર્યા છે. સેરિબ્રાએ આ જાયન્ટ પ્રોજેક્ટ માટે વિશ્વની સૌથી મોટી ઈ-વેસ્ટ પ્રોસેસર સિંગાપોર સ્થિત સિમેલિયા સાથે હાથ મિલાવ્યા છે. સિમેલિયા ૨૩ દેશોમાં ઈ-વેસ્ટ બિઝનેસ કરે છે અને તે સિંગાપોર સ્ટોક એક્સચેન્જ ખાતે લિસ્ટેડ પણ છે. સિમેલિયાના સિંગાપોર સ્થિત બિઝનેસ ડેવલપમેન્ટ ડિરેક્ટર મોહમ્મદ અન્સારીના જણાવ્યા અનુસાર આ ટેક્નોલોજીમા જે કેટલિસ્ટનો ઉપયોગ થાય છે તે કોઈપણ પ્રકારના પ્લાસ્ટિકને પ્રોસેસ કરી શકે છે અને તેમાંથી બનતી ૮૫ ટકા પ્રોડક્ટ હાઈ ગ્રેડ ફ્યૂઅલ ઓઈલ અને ૧૦ ટકા એલપીજી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૯ના વર્ષમાં વિશ્વમાં રૂ. ૪૦૦ અબજનું ઈ-વેસ્ટ મટીરિયલ હતું, જે ૨૦૧૪માં રૂ. ૫૦૦ અબજને પાર કરી જશે. ભારતની વાત કરીએ તો વર્ષે ૮ લાખ ટન ઈ-વેસ્ટનો ઢગલો ખડકાય છે. બીજી તરફ હાલમાં જે ઈ-વેસ્ટ કંપનીઓ છે, તેમની ક્ષમતા ખૂબ જ ઓછી છે જેને કારણે સેરિબ્રાને આ નવા પ્લાન્ટથી ખૂબ જ મોટો ફાયદો થશે.

મહત્વની વસ્તુ એ છે કે સિમેલિયા માત્ર સપોર્ટિંગ રોલમાં જ નથી પરંતુ તે વધુ ગંભીરતા સાથે સેરિબ્રા સાથે જોડાઈ રહી છે. સેમિલિયાએ આ પ્રોજેક્ટમાં રૂ. ૪૬ કરોડનું રોકાણ કર્યું છે અને આગામી ત્રણ વર્ષો તે રૂ. ૨૩૦ કરોડનું રોકાણ કરવાની છે.

## સેરિબ્રા ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજીઝના પ્રમોટર



*V. Ranganathan (MD)*
*Cerebra Integrated Technologies*

સેરિબ્રાના મેનેજિંગ ડિરેક્ટર વી. રંગનાથને કંપનીને મુશ્કેલીના સમયમાંથી ઉગારી લેવામાં ભારે જહેમત ઉઠાવી છે. વી. રંગનાથન આર.વી. કોલેજ ઓફ એન્જિનિયરિંગમાંથી ઈલેક્ટ્રીકલ સાયન્સના સ્નાતક છે. આરંભમાં તેમણે ઈલેક્ટ્રો સિસ્ટમ્સ એન્ડ એસોસિયેટ્સ કંપનીમાં એક વર્ષ માટે ડિઝાઈન એન્જિનિયર તરીકે કામ કર્યું. ત્યારબાદ તેમણે ૧૯૮૭માં ઈલ્કો સિસ્ટમ્સ નામથી તેમનું પોતાનું યુનિટ શરૂ કર્યું, જે વિવિધ પ્રકારના પર્સનલ કમ્પ્યૂટર અને ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સનું ઉત્પાદન કરતી પાર્ટનરશીપ કંપની છે. ૧૯૮૯માં તેમણે મેગાટ્રોમેક સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની બેંગલોરમાં સ્થાપી જેના મારફતે તેમણે વિવિધ કમ્પ્યૂટર પેરિફેરલ્સ અને એડ-ઓન કાર્ડ્સનું ઉત્પાદન શરૂ કર્યું. ૧૯૯૨માં તેમણે ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજીઝ નામની પાર્ટનરશીપ કંપની શરૂ કરી અને ત્યારબાદ તેને વર્તમાન -સેરિબ્રા ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજીઝ-નામ આપીને પબ્લિક લિમિટેડ કંપની બનાવાઈ. હાર્ડવેર માર્કેટની જરૂરિયાત પૂરી કરવા ઉપરાંત બેકવર્ડ ઈન્ટિગ્રેશન મજબૂત બનાવવાના હેતુથી રંગનાથને મોનોલિથિક કમ્પોનન્ટ્સ અને પેરિફેરલ્સ નામનું યુનિટ શરૂ કર્યું. ૧૯૯૫માં બેંગલોરના કોરામંગલા ખાતે સોફ્ટવેર ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવામાં પણ તેમની મહત્વની ભૂમિકા રહી છે. વિદ્યા એજ્યુકેશન સેન્ટર નામથી તેની સ્થાપના થઈ હતી. ઉલ્લેખનીય છે કે આ સેન્ટર એપ્ટેક લિમિટેડનું ફ્રેન્ચાઈજ છે. મોનોલિથિક કમ્પોનન્ટ્સ એન્ડ પેરિફેરલ્સ કંપનીનું ૧૯૯૭માં સેરિબ્રા સાથે મર્જર થઈ ગયું હતું. કંપનીના ઈ-વેસ્ટ બિઝનેસ અને પ્લાસ્ટિકમાંથી ફ્યૂઅલના તથા એલપીઓ સહિતના બિઝનેસ રંગનાથનના ભેજાની ઉપજ છે.



સેમિલિયાએ સેરિબ્રામાં ૯૩ લાખ શેર હસ્તગત કરીને તેમાં કો-પ્રમોટર બની ગઈ છે, જે માટેની પ્રોસેસ હાલ ચાલી રહી છે અને ટૂંક સમયમાં પૂરી થઈ જશે. સેમિલિયા સંપૂર્ણપણે આ ઈ-વેસ્ટ પ્રોજેક્ટનું સંચાલન કરશે અને આગામી દિવસમાં તે સેરિબ્રામાં બહુમતી ૫૧ ટકાથી પણ વધુ હિસ્સો ખરીદી લેવાની છે. તે પણ હાલના બજારભાવ કરતાં ઘણાં ઊંચા ભાવે ખરીદશે. આથી શેરધારકો માટે આગામી સમયમાં સેમિલિયા તરફથી ઓપન ઓફર આવે તેવી પણ શકયતા છે. સેરિબ્રાના શેરધારકો માટે તે ખૂબ ફાયદો કરાવનારું પગલું બની રહેશે.

સેરિબ્રાએ આ ઉપરાંત સિનિક સિંગાપોર પીટીઈ સાથે પણ આ પ્લાન્ટ અને મશીનરી સપ્લાય કરવા માટે જોડાણ કર્યું છે અને પ્લાન્ટનું યોગ્ય ઈન્સ્ટોલેશન થાય અને તે યોગ્ય રીતે ઓપરેટ થાય તે માટે લીટ્રોન પીટીઈ સાથે જોડાણ કર્યું છે. આ ત્રણેય કંપનીઓને વળતરરૂપે સેરિબ્રાએ શેરદીઠ રૂ. ૧૭.૫૦ના ભાવે શેર એલોટ કર્યા છે. તેના પરથી કંપની આ ઈ-વેસ્ટ પ્રોજેક્ટ પર કેટલી ગંભીરતાથી આગળ ધપી રહી છે તેનો અંદાજ આવી જાય છે. આ બિઝનેસ કંપની માટે ટર્નિંગ પોઈન્ટ બની રહેશે. આ એલોટમેન્ટ પછીથી પ્રમોટરોનું હોલ્ડિંગ ૪૦ ટકા થઈ જશે.

સેરિબ્રાનું સિમેલિયા સાથે આ જોડાણ થવાનો તેને બીજો પણ મોટો ફાયદો થવાનો છે. સિમેલિયા પ્લાસ્ટિકમાંથી ફ્યૂઅલ બનાવવાની અદ્ભુત ટેક્નોલોજીની પેટન્ટ ધરાવે છે. ભારતમાં પણ ડીઝલની વધતી જતી માંગને ધ્યાનમાં લઈને કંપની પ્લાન્ટ સ્થાપશે જેને કારણે સેરિબ્રાને આ ટેક્નોલોજી સીધી જ મળી જશે. આ પ્રોજેક્ટ અંતર્ગત પ્લાસ્ટિકમાંથી સીધું જ ફ્યુઅલ બનાવાશે. આ પ્રોજેક્ટનો યોગ્ય રીતે અમલ થશે તો એક કિલો પ્લાસ્ટિકમાંથી એક લિટર ફ્યુઅલ તૈયાર થઈ જશે. આ પ્રોજેક્ટ કંપનીની કાયાપલટ કરી નાખશે. નાણાકીય દૃષ્ટિએ વાત કરીએ તો કંપની ચાલુ વર્ષે રૂ. ૧૨૫ કરોડનું ટર્નઓવર દર્શાવે તેવી શક્યતા છે. તેનો નેટ પ્રોફિટ રૂ. ૧૫ કરોડ આસપાસનો રહેશે તેવી શક્યતા છે. હાલમાં તેની ઈક્વિટી રૂ. ૧૫ કરોડની છે. ૨૦૧૧-૧૨ના વર્ષમાં કંપની રૂ. ૨૫૦ કરોડના ટર્નઓવર પર રૂ. ૬૫ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવે તેવી ધારણા છે. ૨૦૧૧-૧૨માં તેની ઈક્વિટી વધીને રૂ. ૩૫ કરોડની થશે. ત્યારપછીના ૨૦૧૨-૧૩ના વર્ષમાં કંપની રૂ. ૩૭ કરોડની ઈક્વિટી કેપિટલ પર રૂ. ૫૦૦ કરોડનું ટર્નઓવર અને રૂ. ૧૨૫ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવશે તેવી ધારણા છે.

**સિમેલિયા પ્લાસ્ટિકમાંથી ફ્યૂઅલ-ડીઝલ બનાવવાની ટેક્નોલોજીની પેટન્ટ ધરાવે છે. આથી ભારતમાં પણ તે ટૂંક સમયમાં પ્લાન્ટ ઊભો કરશે. સેરિબ્રા સાથે મળીને તે આ યોજનાનો સંપૂર્ણ અમલ કરશે તો તેમાંથી એક કિલો પ્લાસ્ટિકમાંથી એક લીટર ફ્યુઅલ નું ઉત્પાદન થશે**

સમગ્ર રીતે જોતા સેરિબ્રા ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજીઝ મજબૂત સ્થિતિમાં આવી ગઈ છે. હાલમાં તે સંપૂર્ણ ડેટ ફ્રી કંપની છે અને છેલ્લાં બે વર્ષથી તેણે વૃદ્ધિનો જે માર્ગ અપનાવ્યો છે તે અસાધારણ છે. ખાસકરીને સિમેલિયા જેવી જાયન્ટ કંપનીના સહારે ઈ-વેસ્ટનો પ્રોજેક્ટ તે પાર પાડવા જઈ રહી છે તે તેના માટે નિર્ણાયક બની રહેશે. બે વર્ષમાં રૂ. ૫૦૦ કરોડનું ટર્નઓવર અને એ પણ ૨૫ ટકા જેવા તગડા માર્જિન સાથે હાંસલ કરવાનો ઊંચો લક્ષ્યાંક મેનેજમેન્ટનો દૃઢ વિશ્વાસ દર્શાવે છે. કંપની ઈન્ફોસી, વિપ્રો વગેરે કંપનીઓ અને ઈ-વેસ્ટના સપ્લાયર-વેન્ડર્સ સાથે મજબૂત સંબંધ ધરાવે છે, જેને કારણે તેના માટ ઈ-વેસ્ટ મટીરિયલની સમસ્યા રહેશે નહીં. વાસ્તવમાં સિમેલિયાને સિંગાપોરમાં આ સમસ્યા નડી રહી છે. તેના પ્લાન્ટ તો જાયન્ટ અને આધુનિક છે જ. પરંતુ સિંગાપોરમાં ઈ-વેસ્ટ મોટી માત્રામાં ઉપલબ્ધ નથી. આથી તેણે અન્ય દેશોમાંથી તે આયાત કરવું પડે છે, જેનો ખર્ચ થાય છે. જ્યારે સેરિબ્રાને આવી સમસ્યા નડશે નહીં કારણ કે ભારતમાં ઈ-વેસ્ટ તો મોટી સમસ્યા બની રહ્યું છે અને તેનું પ્રમાણ સતત વધી રહ્યું છે. બીજું, સિમેલિયા સાથે જોડાણને કારણે તે તેનો નવો પ્લાન્ટ હજી કાર્યરત થતા થોડો સમય થશે તેમ છતાં ઈ-વેસ્ટ સિંગાપોર મોકલીને પણ કમાણી કરી શકશે. આમ, પ્લાન્ટ શરૂ થતા પહેલા જ તેની કમાણી શરૂ થઈ જશે. કંપનીનો એલપીઓ બિઝનેસ પણ ધમધમવા લાગ્યો છે જેમાં તે મોટાપાયે વિસ્તરણ કરવા જઈ રહી છે.

E-Waste Recycling Facility



આ તમામ પરિબળો અને આગામી સમયમાં આકાર લેનારા ઘટનાક્રમને ધ્યાનમાં લેતા સેરિબ્રા ઈન્ટિગ્રેટેડ ટેક્નોલોજીઝ ૨૦૧૩માં રૂ. ૨૫ આસપાસની ઈપીએસ દર્શાવશેતેવો અઁદાજ છે. આ મુજબ હાલમાં રૂ. ૩૭ આસપાસના ભાવે તેમાં સતત ખરીદી કરો. બે વર્ષમાં તેમાં રૂ. ૩૦૦નો ટારગેટ જોવા મળે તો નવાઈ ન પામશો.

★★★

Legal Process Outsourcing



Medical Transcription

